Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતિ અને ધર્મ

[કેટલીક પ્રાચીન વાર્તાઓ]

સંપાદક
ગોપાળદાસ જીવાભાઈ પટેલ

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... ८७१/३५

पञ्जिका संख्या..... ३०६३५

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ-૮૩

નીતિ અને ધર્મ

[કેટલીક પ્રાચીન વાર્તાઓ]

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

સંપાદક
ગોપાળદાસ જીવાભાઈ પટેલ

પ્રકાશક તરફથી ભેટ

CHECKED 1973

Initial .....

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦



૭ આના
૪૭ નવા પૈસા

એપ્રિલ, ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

મનુષ્યજીવનના સર્વાંગીણ વિકાસ માટે અમુક નૈતિક ગુણોને અને આચરણોને સર્વત્ર આવશ્યક માનવામાં આવ્યાં છે. તે ગુણો પછી 'ધર્માચરણ' કે 'ધર્મ' એ નામે પણ ઓળખાય છે. એ સદ્‌ગુણો કે સદાચરણોને અંગે ઘણી બોધક વાર્તાઓ આપણા પ્રાચીન બ્રાહ્મણ–શ્રમણ ધર્મસાહિત્યમાં વેરાયેલી પડી છે. એ બાબતનું એક આખું આખ્યાન-સાહિત્ય જ ઊભું થયું છે, એમ કહીએ તો પણ ચાલે.

એવા ધર્માચરણની આવશ્યકતા અને સમજને સચોટ રીતે રજૂ કરતી કેટલીક ટૂંકી વાર્તાઓ અહીં એકઠી કરેલી છે. એ રીતે પ્રાચીન સાહિત્ય વગેરેમાંથી ઘણી રોચક કથાઓ વીણી શકાય. આ કથાઓ સમાજશિક્ષણના કામમાં ઉપયોગી નીવડશે; એટલું જ નહીં, પણ જીવન-ધર્મની સમજમાં પ્રવેશ માટે પણ પ્રાથમિક મદદરૂપ બને, એવી તે સાદી છતાં ગંભીર છે. એટલે નાનાં મોટાં સૌને તે વાંચવી ગમે એવી છે. પ્રાચીન કાળથી ચાલતી આવેલી હોઈને તે આપણા સનાતન સાહિત્યની ચીજો પણ કહેવાય. આપણા પ્રાચીન એક યુગમાં આ વાતો સમાજના સામાન્ય સંસ્કાર-ધન તરીકે મોઢામોઢ સૌ કોઈ જાણતું હશે. આજના જમાનામાં તે પરંપરા તાજી કરવાની રીત છાપખાનું હોઈને, મૂળ પાલિ પ્રાકૃતમાંથી આપણી લોકભાષામાં એ અહીં ઉતારી છે. તે વાર્તાઓ શ્રી. ગોપાળદાસે છૂટક છૂટક ઉતારેલી, તેમાંથી દશનો આ સમૂહ છે. સમાજશિક્ષણમાં વાચન માટે તે ઉપયોગી નીવડશે એવી આશા છે.

૧૪–૪–'૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન	૩
૧.	હિંમત ન હારવી	૫
૨.	વહુઓની પરીક્ષા	૧૦
૩.	'અમારા કુળમાં કોઈ અકાળે મરતું નથી!'	૧૪
૪.	ધર્મ આચરનાર ખાટકી	૨૦
૫.	ધર્મ કચારે મરી પરવારે?	૨૫
૬.	સદાચારી જ શ્રેષ્ઠ કહેવાય	૩૦
૭.	જાત શ્રેષ્ઠ કે વિદ્યા?	૩૪
૮.	મારા સામું નહીં, પણ ધર્મ સામે જો!	૪૦
૯.	બહુ ન બાવું!	૪૨
૧૦.	સાચું હથિયાર	૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

હિંમત ન હારવી

એક વખત બુદ્ધ ભગવાન જેતવનમાં રહેતા હતા. ત્યારે સુખી ઘરનો એક જુવાનિયો તેમનો ઉપદેશ સાંભળી સાધુ થયો અને તેમની પાસે રહેવા લાગ્યો. થોડા વખત બાદ, ભગવાને બતાવ્યા મુજબનું ધ્યાન સાધવા તે દૂર જંગલમાં ચાલ્યો ગયો.

ઘણા મહિના સુધી મહેનત કરવા છતાં, તેનું મન ધ્યાનમાં લાગ્યું નહીં. એટલે કંટાળીને ભગવાન પાસે તે પાછો આવ્યો. ભગવાન તેની વાત સાંભળીને બોલ્યા :

"ભાઈ ! કૂવો ખોદવા માંડીએ ત્યારે ધીરજ ખોયા વિના વળગી રહીએ, તો જ પાણી પામીએ; અને આપો કાશીનો કાફલો બચી જાય !"

બધા સાધુઓએ આ સાંભળીને પૂછ્યું : "ભગવન્ ! એ કાશીના કાફલાની શી વાત છે ?"

ભગવાન બોલ્યા : "કાશીમાં એક મોટો શેઠ રહેતો હતો. એક વખત પાંચસો ગાડાંમાં બહુ માલ ભરી તે પરદેશ વેપાર કરવા નીકળ્યો. રસ્તામાં સાઠ યોજનનું મોટું રણ આવ્યું. તેની રેતી એવી લીસી હતી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂઠી વાળીએ તો પણ સરકી જાય. વળી સૂરજ ઊગે એટલામાં તે એવું તપી જાય કે જાણે ધીકતી લોઢી! તેમાં મુસાફરી રાતે જ થાય. પોહ ફાટતાં તો ગાડાંનું ગોળ કૂંડાળું કરી બધા પડાવ નાખે, અને ઉપર ચંદરવો બાંધી દે. પછી ખાવાનું વહેલું પતાવી દઈ, આખો દિવસ છાંયડામાં ભરાઈ રહે. સૂરજ આથમે, એટલે ખાવા-પીવાનું પરવારી પાછા ચાલવા માંડે. રણમાં દરિયાની પેઠે રસ્તો કે દિશા કશું ઓળખાય જ નહીં. રાતે આકાશના તારા નજરમાં રાખીને જ આગળ ચાલવાનું હોય. આગળના ગાડામાં તારા સામે જોતો જોતો ભોમિયો બેસી રહે, અને દિશા બતાવ્યા કરે.

શેઠના કાફલાને રણની મજલ કાપતાં ઓગણસાઠ જોજન પૂરાં થયાં. હવે એક જ રાતની મુસાફરી બાકી રહી. તે રાતે બધાએ ખાઈપીને વધારાનું પાણી તથા બળતણ ખાલી કર્યું; અને એમ ભાર હળવો કરી, સવાર સુધીમાં રણ પાર કરવાની આશાએ ગાડાં હાંકવા માંડ્યાં.

પેલો ભોમિયો આગળના ગાડામાં આકાશ તરફ નજર રાખીને બેઠો હતો. પણ ઘણા દિવસનો ઉજાગરો હતો અને થાકેલો પણ ખરો. વળી થોડા વખતમાં જ રણ પૂરું થવાનું, એની નિરાંત પણ હતી. એટલે તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ બેફિકરાઈમાં મીંચાઈ ગઈ. બળદો રેતીમાં ગાડાને થોડું વાંકું વાળતા વાળતા જ બેંચી શકે; અને પેલા ભોમિયાની દોરવણી રહી નહીં; એટલે બધો કાફલો થોડું થોડું વાંકો વળતો વળતો સવાર સુધી ચાલ્યા કર્યો. સવારે ભોમિયાની આંખ ઊઘડતાં તેણે તારા સામે નજર કરી, તો ગાડાં ઊંધી દિશાએ ચાલતાં હતાં! તેણે તરત ઝૂમાઝૂમ કરીને બધાને થોભાવ્યા. બધાએ જોયું તો પોતે આખી રાત વાંકા વળતા વળતા પાછા જ ફર્યા હતા! નિરાશ થઈ સોએ ગાડાં છોડ્યાં અને ચંદરવો બાંધ્યો. પણ પાણી હવે હતું નહીં, એટલે રાંધે શાના વેંડે અને પીએ પણ શું? બળદો પણ તરસથી હાંફતા હતા. બધા મોત નજીક આવેલું જાણી, પોતપોતાના ગાડામાં કપાળે હાથ દઈને બેસી પડ્યા.

કાફલાના શેઠે વિચાર્યું કે, હું પણ જો હિંમત હારીને આમ કપાળે હાથ દઈને બેસીશ, તો પાણી વિના સૌ ચોક્કસ મરી જઈશું. તેથી હજુ ટાઢો પહોર હતો તેવામાં તેણે આસપાસ બારીકાઈથી નજર કરતાં કરતાં જલદી જલદી ફરવા માંડ્યું. થોડે દૂર રેતી ઉપર દાભનો એક ગુચ્છો અડધોપડધો બહાર દેખાતો તેની નજરે પડ્યો. આવા રણમાં નીચે પાણી નજીક ન હોય, તો દાભનો ગુચ્છો જીવતો રહી શકે નહીં; એમ માની, તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત કોદાળી મંગાવીને ત્યાં ખોદાવવા માંડ્યું. ખોદતાં ખોદતાં ખોદનારની કોદાળી અચાનક એક ખડક સાથે અથડાઈ. તેનો અવાજ સાંભળી પાછા સૌ નિરાશ થઈ ગયા. ખડક આવ્યો પણ પાણી ન આવ્યું, હવે શું? પેલો શેઠ પણ નિરાશ થયો; છતાં હિંમત છોડ્યા વિના તે એ ખાડામાં જઈ ઊતર્યો અને ખડક પાસે કાન માંડીને સાંભળવા લાગ્યો. તો તે ખડકની નીચે પાસે જ પાણી વહેતું હોવાનો અવાજ તેને સંભળાયો! તરત તેણે એક ઘણ મંગાવ્યો, અને ખોદનારને હિંમત આપી, જોરથી ખડક ઉપર ઘા કરાવ્યા. ખડક પોલો જ હતો, એટલે ઉપરાઉપરી ઘા પડતાં તે ફાટ્યો અને

અંદરથી પાણી સુસવાટ કરતું ઊંચું ઊડ્યું. બધા રાજી-રાજી થઈ ગયા, અને આનંદથી ઘૂમો પાડતા નાહીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાઢા થયા. પછી ગાડાંની વધારાની ધૂંસરી, પાટિયાં વગેરે જે મળ્યું તે સળગાવીને સૌએ રાંધ્યું અને બળદોને પણ ખવરાવી-પિવરાવી તાજા કર્યા. પછી સૂરજ આથમતાં જ, તે કૂવા પાસે એક ધજા રોપી સૌ આગળ ચાલ્યા અને સવાર સુધીમાં તે રણ હેમખેમ પાર કરી ગયા."

આટલું કહી, ભગવાને પેલા સાધુને કહ્યું : "ભાઈ! કંઈક મુશ્કેલી આવતાં હિંમત હારી જઈને બેસી ન પડીએ, તો જ કૂવામાં ખડક આવવા છતાં પાણી પામીએ, અને હેમખેમ રણ પાર કરી જઈએ! ગયા જનમમાં એ કાફલાનો શેઠ તું પોતે જ હતો!"

પેલો સાધુ આ સાંભળી ફરી પાછો ટટાર થયો, અને પોતાને ઠેકાણે પાછો ચાલ્યો ગયો. ત્યાં હિંમત ખોયા વિના પ્રયત્નમાં મંડ્યા રહીને તેણે ઇચ્છેલું કામ પાર પાડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

વહુઓની પરીક્ષા

રાજગૃહ નગરમાં ધન્ય નામે શેઠ રહેતો હતો. તે બહુ ધનવાન તથા બુદ્ધિમાન હતો. તેને ચાર પુત્રો હતા. તે ચારેને સારાં કુળની કન્યાઓ સાથે પરણાવ્યા હતા.

એક વખત ધન્ય શેઠને વિચાર આવ્યો કે, 'હું મારા કુટુંબની બધી રીતે સંભાળ રાખું છું. પણ મારા પુત્રો બહુ લાયકાતવાળા નથી. હવે હું ગામ-પરગામ ગયો હોઉં, માંદો પડ્યો હોઉં કે મરી ગયો હોઉં, ત્યારે મારા છોકરાઓની ચાર વહુઓમાંથી કોણ આખું ઘર સંભાળે તેવી છે, તે નક્કી કરી લેવું જોઈએ.'

આમ વિચારી, બીજે દિવસે તેણે પુષ્કળ ખાન-પાન તૈયાર કરાવ્યું, અને તે વહુઓનાં સર્વ સગાંને જમવા તેડાવ્યાં. જમણ થઈ રહ્યા બાદ, બધાની સામે તેણે પોતાના છોકરાઓની એક એક વહુને બોલાવી, અને તે દરેકને ડાંગરના પાંચ પાંચ દાણા આપીને કહ્યું, 'હે પુત્રીઓ, તમે આ દાણા સાચવજો; જ્યારે હું ફરી માગું ત્યારે મને પાછા આપજો.'

મોટી, વહુએ તે પાંચ દાણા લીધા. તેણે વિચાર્યું કે, 'સસરાજીના ઘરમાં ડાંગરના ઘણાય કોઠારો ભર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એટલે તે પાછા માગશે ત્યારે કોઠારમાંથી લાવીને આપી દઈશ.' એમ માની, કોઈ ન જાણે તેમ, તેણે તે દાણા બહાર ફેંકી દીધા.

બીજી વહુએ તે દાણા લીધા અને, 'સસરાજી માગશે ત્યારે કોઠારમાંથી અપાશે' એમ ધારી, તે તેમને મસળી ફૂંકીને ખાઈ ગઈ.

ત્રીજી વહુએ તે દાણા એક ચોખ્ખા કપડામાં બાંધ્યા, અને દાબડામાં મૂકી, ઓશીકા નીચે સાચવી રાખ્યા. પછી દિવસમાં ત્રણ વાર તે તેમને સંભાળવા લાગી.

સૌથી નાની વહુએ તે દાણા લીધા. પરંતુ, 'સસરાજી કાંઈ કારણ વિના આ પ્રમાણે પાંચ-પાંચ દાણા અમને સાચવવા આપે નહિ' એમ વિચારી, તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનાં પિયરિયાંને બોલાવી, તેમની પાસે તે દાણા પોતાને પિયેર એક કચારામાં વવરાવી દીધા. તેમાંથી ડાંગરના પાંચ છોડ ઊગ્યા. પાકનો સમય થતાં તેમાંથી ઘડો ભરાય તેટલા દાણા થયા. બીજી મોસમમાં તેણે તે દાણા પહેલાં કરતાં મોટો કચારો કરાવીને વવરાવ્યા. એટલે તેમાંથી કોથળો ભરીને ડાંગર પાકી. પછીની મોસમમાં તો તે દાણા મોટા કચારડામાં જ વાવવા પડ્યા, અને તેમાંથી કોઠી ભરીને ડાંગર થઈ. છેલ્લે વર્ષે તે બધી ડાંગર તેણે અનેક કચારડાઓમાં વવરાવી, એટલે તેમાંથી ગાડાં ભરીને ડાંગર થઈ.

પાંચ વર્ષ પૂરાં થયાં બાદ, ધન્ય શેઠે પોતાનું કુટુંબ ફરી વાર એકઠું કર્યું, અને સૌને સારી પેઠે જમાડીને તૃપ્ત કર્યાં. ત્યાર બાદ બધાંની સામે તેણે પોતાની સૌથી મોટી વહુને બોલાવીને કહ્યું :

'હે પુત્રી, આજથી પાંચ વર્ષ પૂર્વે મેં આ બધાંની સામે તને ડાંગરના પાંચ દાણા આપ્યા હતા, તે તું મને પાછા આપ.'

સસરાનું વચન સાંભળી, તેણે તરત કોઠારમાંથી પાંચ દાણા લાવીને આપ્યા.

શેઠે તેને પૂછ્યું, 'આ દાણા મેં આપેલા તે જ છે કે બીજા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહુએ કહ્યું : 'હે તાત, તમારા કોઠારમાં ઘણી ડાંગર ભરી છે એમ વિચારીને, તે પાંચ દાણા તો મેં ફેંકી દીધા હતા; આ દાણા નવા છે.'

તે પ્રમાણે બીજી વહુએ જણાવ્યું કે, 'હે તાત, તમે આપેલા દાણા હું મસળીને ખાઈ ગઈ હતી; આ દાણા તો આપણા કોઠારમાંથી હું નવા લાવી છું.'

ત્રીજી વહુએ પોતાને ઓશીકેથી દાબડો મંગાવ્યો; અને તેમાં સાચવીને મૂકેલી પોટલી છોડીને તેમાંથી સસરાએ આપેલા મૂળ પાંચ દાણા કાઢી આપ્યા.

છેલ્લી વહુએ કહ્યું, 'હે તાત, એ દાણા એમ નહિ આવે. તેમને માટે તો ગાડાં મોકલવાં પડશે.'

શેઠે હસીને પૂછ્યું : 'બેટા, પાંચ દાણા માટે તે ગાડાં જોઈએ?'

નાની વહુએ પોતે કરાવેલા વાવેતરની વાત સસરાને કહી સંભળાવી, તથા જણાવ્યું કે, 'આપે આપેલા પાંચ દાણામાંથી જ એ બધા દાણા નીપજ્યા છે.'

આ વાત સાંભળી રાજી થઈ શેઠ સૌની સામે કહ્યું કે, 'આ નાની વહુને હું મારા ઘરનો બધો કારભાર સોંપું છું, તથા આજથી તેને જ હું કુટુંબનાં બધાં કામકાજમાં સલાહકાર નીમું છું; ત્રીજી વહુને હું ઘર તથા કુટુંબની બધી મિલકતની રખવાળી સોંપું છું, કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તેણે દાણા સાચવી જાણ્યા છે! બીજી વહુને હું રસોડું સોંપું છું, કારણ કે તેણે દાણા ખાઈ જાણ્યા છે! અને સૌથી મોટી વહુને હું ઘરની સાફસૂફીનું કામ સોંપું છું, કારણ કે તેને બધું વાળી ઝાપટીને બહાર ફેંકી દેવાનું સારું આવડશે!'

૩

'અમારા કુળમાં કોઈ અકાળે મરતું નથી!'

કાશી દેશના એક ગામડામાં એક બ્રાહ્મણ રહેતો હતો. તે ગુણવાન અને સદાચારી હતો. તેના ઘરમાં કુટુંબનાં માણસો જ નહિ, નોકરચાકરો પણ ધર્મ-નીતિ બરાબર પાળતાં હતાં.

તે બ્રાહ્મણને એક પુત્ર થયો. તેનું નામ ધર્મપાલ રાખવામાં આવ્યું. ઉંમર લાયક થતાં તેને તક્ષશિલામાં એક જાણીતા ગુરુને ઘેર ભણવા મૂકવામાં આવ્યો. ધર્મપાલ પોતાની લાયકાતથી સૌ શિષ્યોમાં વડો બન્યો.

તે અરસામાં ગુરુનો મોટો દીકરો ગુજરી ગયો. બધા શિષ્યો તથા સગાંવહાલાં સાથે રહતા રહતા ગુરુ સ્મશાનમાં ગયા. ત્યાંથી પાછા ફર્યા બાદ સૌ લોકો ગુરુને વીંટળાઈને બેઠા અને કહેવા લાગ્યા :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આહા, કેવો સુકુમાર છોકરો હતો! કેવી કુમળી વયે મરણ પામ્યો!"

ધર્મપાલે કહ્યું, 'ખરેખર સુકુમાર હતો. પણ તે કુમળી વયે કેમ મરણ પામ્યો? કુમળી વયે તે કોઈ મરતું હશે?'

બધા બોલી ઊઠ્યા, 'કેમ ભાઈ, તું જાણતો નથી કે, બધાં પ્રાણીઓને જ્યારે ત્યારે મરવું જ પડે છે?'

ધર્મપાલ બોલ્યો: 'બધાંને મરવું પડે છે એ વાત સાચી; પણ તે અકાળે નહીં, પાકી વયે.'

બધા: 'તારે ઘેર શું એવી રીત છે કે, કોઈ અકાળે મરે જ નહિ?'

ધર્મપાલ: 'હા! અમારે ઘેર કોઈ અકાળે મરતું હોય એમ જાણ્યું નથી.'

ગુરુ આ સાંભળી નવાઈ પામ્યા. તેમણે વિચાર કર્યો કે, આ છોકરાની વાતની મારે તપાસ કરવી જોઈએ; અને જો તેની વાત ખરી હોય, તો શાથી તેને ઘેર કોઈ અકાળે નથી મરતું, તે મારે જાણી લાવવું જોઈએ.

તેમણે થોડા દિવસ બાદ સૌને જણાવ્યું કે, પોતે દૂર મુસાફરીએ જવાના છે. તેમણે પોતાના બધા નિશાળિયાઓને સંભાળવાનું કામ ધર્મપાલને સોંપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુએ પ્રથમ તો સ્મશાનમાં જઈ થોડાં હાડકાં ભેગાં કર્યાં. પછી તેમને ધોઈને એક પોટલીમાં બાંધ્યાં. અને તે પોટલીને ઝોળીમાં મૂકી, તે ધર્મપાલના પિતાને ગામ જવા નીકળ્યા. તે ગામે પહોંચીને તેમણે પૂછપરછ કરીને તેનું ઘર શોધી કાઢ્યું.

ત્યાં પહોંચતાં જ, તેમને જ નોકર પહેલો મળ્યો, તેણે તરત તેમનો સામાન ઊંચકી લીધો, તેમના હાથપગ ધોયા, અને તેમને આસને બેસાડી, આવવાનું કારણ પૂછ્યું.

ગુરુએ ઉદાસ મોઢું કરી, નોકરને ધર્મપાલના પિતાને બોલાવી લાવવા કહ્યું.

ધર્મપાલના પિતા આવતાં જ, ગુરુએ આંખમાં આંસુ લાવીને તેમને કહ્યું: "તમારો દીકરો મારે ત્યાં સારી પેઠે ભણ્યો-ગણ્યો અને વિદ્વાન થયો. પણ પછી થોડા દિવસ ઉપર અચાનક મરણ પામ્યો! આવો છોકરો મરણ પામવાના સમાચારથી એકદમ તમને આઘાત લાગે, એમ વિચારી હું જાતે તે ખબર કહેવા અને તમને દિલાસો આપવા આવ્યો છું. બધાં પ્રાણીઓને વહેલું-મોડું મરવાનું જ છે; ડાહ્યા માણસે તે બાબતનો શોક ન કરવો જોઈએ."

પરંતુ ધર્મપાલનો બાપ તો તેમની આ વાત સાંભળી તાળી પાડીને ફક્ત મોટેથી હસ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ તે જોઈ નવાઈ પામી બોલ્યા, "ભલા માણસ, તું આમ છોકરો મરવાની વાત સાંભળી, તાળી પાડીને હસે છે કેમ? આ માઠા સમાચાર સાંભળીને તું ગાંડો તો નથી થઈ ગયો ને?"

બ્રાહ્મણે કહ્યું, 'ના રે ના! મારો છોકરો મરે જ નહિ; બીજું કોઈ મર્યું હશે!'

ગુરુ—'અરે, તારો જ દીકરો મરણ પામ્યો છે! આ તેનાં હાડકાં હું વીણતો આવ્યો છું, તે તો જો.'

બ્રાહ્મણ—'એ હાડકાં કોઈ બીજાનાં હશે; અમારા કુળમાં સાત પેઢીથી કોઈ અકાળે મર્યું નથી; મારો દીકરો પણ અકાળે મરે જ નહીં!'

આમ કહી તે બ્રાહ્મણ ફરીથી તાળી પાડીને હસ્યો, અને તે વખતે ઘરનાં બધાં માણસો પણ તાળી પાડીને હસ્યાં.

ગુરુ તો આ લોકોની વાત સાંભળી ભારે નવાઈ પામ્યા. તે બોલ્યા, 'આ જગતમાં કોઈ પ્રાણી કે પદાર્થ નિત્ય નથી. તેમ છતાં તમે બધા આવી ખાતરી કેમ કરીને રાખો છો? તમારા કુળમાં કોઈ અકાળે ન મરે એવો કાંઈ કાયદો છે? તમે બધા એમ શાથી માનો છો? તમે મને એનું કારણ સમજાવશો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણે ગુરુને નીચે પ્રમાણે ઉત્તર આપ્યો —

૧. અમારા કુળમાં અમે સૌ ધર્મ જ આચરીએ છીએ, જૂઠું કદી બોલતાં નથી, તથા પાપકર્મો ત્યાગીએ છીએ. તેથી અમારા કુળમાં કોઈ અકાળે મરતું નથી.

૨. સારા માણસે કહેલી તેમ જ ખરાબ માણસે કહેલી વાતો સાંભળીને, અમે ખરાબ માણસની વાતો તરફ લક્ષ નથી આપતા; તથા ખરાબનો ત્યાગ કરી અમે સારાનો સંગ કરીએ છીએ. તેથી અમારા કુળમાં કોઈ અકાળે મરતું નથી.

૩. કોઈ માગે તે પહેલાં (તેની જરૂર જાણી) અમે હંમેશાં દાન કરીએ છીએ; અને આપ્યા બાદ મન જરા પણ બગડતા નથી. તેથી અમારા કુળમાં કોઈ અકાળે મરતું નથી.

૪. અમે પરસ્ત્રી તરફ કદી ખોટી નજર કરતા નથી; અમારી સ્ત્રીઓ પણ પૂરી પતિવ્રતા રહે છે. તેથી અમારા કુળમાં કોઈ અકાળે મરતું નથી.

૫. તે સ્ત્રીઓથી અમને પ્રાપ્ત થતાં સંતાનો પણ બુદ્ધિશાળી હોય છે, વિદ્યાભ્યાસ કરનારાં હોય છે, અને જ્ઞાની હોય છે. તેથી અમારા કુળમાં કોઈ અકાળે મરતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. અમારા કુળમાં માતા, પિતા, બહેન, ભાઈ, પુત્ર, અને સ્ત્રી—એ સૌ પોતપોતાના ધર્મમાં સદા તત્પર રહે છે. તેથી અમારા કુળમાં કોઈ અકાળે મરતું નથી.

૭. અમારા ઘરમાં નોકર-ચાકર, દાસ-દાસી એ બધાં પણ પોતપોતાના ધર્મમાં સદા તત્પર રહે છે. તેથી અમારા કુળમાં કોઈ અકાળે મરતું નથી.

પછી તે બ્રાહ્મણે છેવટે કહ્યું:—

'ધર્મ આચરનારનું ધર્મ રક્ષણ કરે છે; અને સારી રીતે આચરેલો ધર્મ સુખ આપે છે. મોટું છત્ર જેમ વરસાદમાંથી બચાવી લે છે, તેમ ધર્મ વડે રક્ષાયેલો મારો પુત્ર ધર્મપાલ અકાળે મરે નહીં. માટે હું કહું છું કે, આ હાડકાં બીજાનાં છે.'

ગુરુ આ સાંભળીને બોલ્યા, 'મારી આ મુસાફરી સફળ થઈ; મને ભારે લાભ થયો. હું આ જાણવા માટે જ સ્મશાનમાંથી થોડાં હાડકાં વીણી લઈ ને અહીં આવ્યો હતો. તમારો પુત્ર ખુશીમાં છે, અને તે હંમેશ ખુશીમાં રહેજો! તમારા કુળને ધન્ય છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

ધર્મ આચરનાર ખાટકી

કૌશિક બ્રાહ્મણ ભારે તપ કરનારો કઠોર તપસ્વી હતો. એક ઝાડ નીચે તેનો વાસ હતો; અને ભિક્ષા માગી તે ગુજરાન ચલાવતો.

એક દિવસ ઝાડ નીચે તે રોજનું પાઠ-પૂજનનું કામ કરતો હતો, તેવામાં ઝાડ ઉપર બેઠેલી બગલીએ તેના ઉપર અધાર કરી. કૌશિક બ્રાહ્મણે ક્રોધે ભરાઈ તેના તરફ નજર કરતાં જ તે બગલી પ્રાણ વિનાની થઈને જમીન ઉપર ગબડી પડી.

ભિક્ષાનો વખત થતાં કૌશિક બ્રાહ્મણ ગામમાં એક ઘેર જઈને ઊભો રહ્યો. ઘરની સ્ત્રી વાસણ સાફ કરતી હોવાથી, તેણે કૌશિકને જરા થોભવાનું કહ્યું.

એટલામાં તે સ્ત્રીનો પતિ ભૂખથી આકુળવ્યાકુળ થઈ હાંફતો હાંફતો ઘેર આવ્યો. પેલી સ્ત્રીએ ઝટ ઊઠી તેને હાથપગ ધોવાનું પાણી આપ્યું તથા તેને માટે આસન તૈયાર કરી થાળી પીરસી દીધી. ભોજન બાદ પણ પતિની નાની મોટી સેવામાં રોકાઈ રહેવાથી તે સ્ત્રી કૌશિક બ્રાહ્મણની વાત ભૂલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડી વાર બાદ તેના ઉપર નજર પડતાં જ તે સ્ત્રી અત્યંત શરમીંદી બની જઈને ક્ષમા માગતી માગતી તેને ભિક્ષા આપવા આવી.

બ્રાહ્મણે ગુસ્સે થઈ ને તેને કહ્યું, 'અગ્નિ જેવા બ્રાહ્મણની અવજ્ઞા કરી, પોતાના પતિની સેવામાં ગૂંથાઈ રહેતી તું ગૃહસ્થ-ધર્મ ચૂકી છે. ગુસ્સે થયેલો તપસ્વી બ્રાહ્મણ આખી પૃથ્વીને પણ બાળી નાખવા શક્તિમાન છે, એ તું જાણતી નથી?'

સ્ત્રીએ કહ્યું, 'અજાણતાં થયેલો મારો અપરાધ આપે ક્ષમા કરવો યોગ્ય છે. મહાપુરુષોનો ક્રોધ જેવો મોટો હોય છે, તેવી તેમની ક્ષમા પણ મોટી હોય છે. સ્ત્રીનો પતિ તેનું પરમ દૈવત કહેવાય છે. આપ વેદ જાણનારા બ્રાહ્મણ છો. અને હું આપ જેવા ધર્મજ્ઞોએ બતાવેલા પતિવ્રત ધર્મનું જ પાલન કરતી હતી. એટલે અજાણતાં થયેલી આ ચૂકની આપે ક્ષમા આપવી જોઈએ.'

છતાં કૌશિક બ્રાહ્મણ તો વધુ ગુસ્સે થઈ ફાવે તેમ બોલવા લાગ્યો.

પેલી સ્ત્રીએ તે જોઈ, દુઃખી થઈને કહ્યું, 'સાચું કારણ આપને જણાવવા છતાં, આપ શાંત થતા નથી, અને આપનો ગુસ્સો વધારતા જ જાઓ છો, એ ઠીક

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. પરંતુ, તેથી આપ જો એમ જાણતા હશો કે, પેલા ઝાડ ઉપરની બગલીની પેઠે મને બાળી નાખી શકાશે, તો તે આપની ભૂલ છે. કારણ કે, ધર્મનું પાલન કરનારનું ધર્મ હંમેશાં રક્ષણ કરે છે.'

કૌશિક બ્રાહ્મણ બગલીની વાત આ સ્ત્રીને મોંએ સાંભળી ચોંકી ઊઠ્યો. તેને લાગ્યું કે, ધર્મના સાચા પાલનથી જ આ પ્રમાણે ત્રિકાળજ્ઞાન થઈ શકે; આ સ્ત્રીને તે જ્ઞાન જરૂર પ્રાપ્ત થયું છે. તેથી તેણે સાચો ધર્મ પોતાને સમજાવવા તે સ્ત્રીને વિનંતિ કરી.

સ્ત્રીએ કહ્યું, મારાથી વધારેપડતું બોલાઈ ગયું છે. ધર્મનું રહસ્ય સમજવું અઘરું છે. મિથિલા નગરીમાં ધર્મવ્યાધ નામે ઓળખાતો ખાટકી આપને તે રહસ્ય સમજાવશે.'

કૌશિક બ્રાહ્મણનો અહંકાર વળી પાછો ઘવાયો. માંસ વેચવાનો ધંધો કરનાર ખાટકી એક તપસ્વી બ્રાહ્મણને સાચો ધર્મ સમજાવશે! કૌશિક તે સ્ત્રીની રજા લઈ, સીધો મિથિલા જવા નીકળ્યો.

ખાટકીવાડમાં ધર્મવ્યાધ માંસ વેચતો બેઠો હતો. બ્રાહ્મણને જોઈ તે ઊઠીને તેની પાસે આવ્યો અને, 'હું જ પેલી સ્ત્રીએ કહેલો ધર્મવ્યાધ છું,' એમ કહી તેનો સત્કાર કરવા લાગ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૌશિક બ્રાહ્મણનો અહંકાર પાછો ઘવાયો. ક્યાં આ માંસ વેચવાનું ઘોર કર્મ, અને ક્યાં આ ત્રિકાળજ્ઞાન!

ધર્મવ્યાધે તેના મનમાં ચાલતા વિચાર જાણી લઈને કહ્યું, 'મહારાજ! વંશપરંપરાથી ચાલ્યું આવતું આ કર્મ હું કરું છું; પરંતુ હું જાતે માંસભક્ષણ કરતો નથી. બાકી ખેતી વગેરેમાં પણ હિંસા નથી થતી એવું શી રીતે કહેવાય? ધર્મ અને અધર્મની ગતિ ઘણી સૂક્ષ્મ છે. એટલે હું તો વંશપરંપરાથી ચાલ્યું આવતું આ કર્મ ધર્મબુદ્ધિથી આચરું છું. છેક દોષ વિનાનું એવું તો કોઈ કર્મ દેખાતું નથી.'

ત્યાર બાદ વખત થતાં દુકાન બંધ કરી ધર્મવ્યાધ તે બ્રાહ્મણને પોતાને ઘેર લઈ ગયો. ઘેર ધર્મવ્યાધે પોતાનાં માતપિતાને પ્રણામ કર્યા અને કૌશિક બ્રાહ્મણને કહ્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભગવન્! આ મારાં વૃદ્ધ માતા તથા પિતા એ બેને હું મારાં પરમ દૈવત માનું છું. દેવને માટે જે કાંઈ કરવાનું હોય છે, તે સઘળું હું એમને માટે કરું છું. અગ્નિ, યજ્ઞ અને વેદ એ સર્વ મારે મન આ માતાપિતા જ છે. મારા પ્રાણ તથા સ્ત્રી-પુત્ર વગેરે સર્વસ્વ તેમને માટે જ છે. આ ધર્મને શ્રેષ્ઠ જાણીને હું આચરું છું. અને તેનાથી જ મને ત્રિકાળજ્ઞાન તથા ધર્મની સાચી સમજ પ્રાપ્ત થયાં છે. હે મહારાજ! હું તમારા હિતને માટે હવે જે વાત કહું છું, તે તમે સાંભળો. તમે તમારાં અપંગ બનેલાં માતપિતાને નિરાધાર દશામાં રવડતાં મૂકી, વેદ અને તપ સંપાદન કરવાના લોભમાં ચાલી નીકળ્યા છો, તે તમે અયોગ્ય કર્યું છે. તમે તપસ્વી છો, મહાત્મા છો અને ધર્મપરાયણ છો; છતાં તમારું બધું પુણ્ય એ દોષના કારણે મિથ્યા થઈ જાય છે. માટે તમે તત્કાળ પાછા જઈ તમારાં આંધળાં બનેલાં માત-પિતાની સેવાના કામે લાગી જાઓ.'

કૌશિક બ્રાહ્મણે કહ્યું, 'હે વ્યાધ! તમે જે કહો છો તે સાચું છે. હું અહીં આવ્યો તે બહુ સારું થયું. હજારો પુરુષમાં એકાદ ધર્મ જાણનારો હોય છે; અથવા નથી પણ હોતો. હું નરકમાં પડતો હતો તેમાંથી તમે મારો ઉદ્ધાર કર્યો છે. હું તમને શૂદ્ર માનતો નથી. પોતાની જાતિને છાજે તેવું કર્મ કરવાથી કશો દોષ લાગતો નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ હું સમજ્યો છું. તેમ જ પોતાને પ્રાપ્ત થયેલા કર્તવ્યને છોડીને બીજા વખણાતા કર્મમાં લાગવાથી પણ કાંઈ વિશેષ ફળ પ્રાપ્ત થતું નથી, એ પણ હવે હું સમજ્યો છું. હું તમારી રજા લઉં છું, તમારું કલ્યાણ થાઓ!'

કૌશિક બ્રાહ્મણ એમ કહી, એ વ્યાધની પ્રદક્ષિણા કરી ત્યાંથી ચાલી નીકળ્યો અને સીધો પોતાને ઘેર ગયો. ત્યાં જઈ વૃદ્ધ થયેલાં પોતાનાં અપંગ માત-પિતાની તે સર્વ પ્રકારે યથાયોગ્ય સેવા કરવા લાગ્યો. ધીમે ધીમે તેને ધર્મનું રહસ્ય સમજાયું અને તે પણ મોટો ધર્મજ્ઞાની બન્યો.

૫

ધરમ કચારે મરી પરવારે?

'સામાએ જૂઠાણું કર્યું, માટે સામું જૂઠાણું કરવાથી આપણને કશો લાભ નથી. તેમ કરવાથી તો બંનેનો ધર્મ નાશ પામ્યો એટલું જ. પરંતુ એક જણ અધર્મ કરે, તોપણ બીજો માણસ ધર્મને જ વળગી રહે, તો ધર્મ બચી જાય છે, અને છેવટે બંનેને બચાવે છે.'—આ વિષય ઉપર બુદ્ધ ભગવાને નીચેની વાત શિષ્યોને કહી સંભળાવી:

કાશીમાં એક જુવાન રહેતો હતો. તેનો પિતા મરણ પામતાં, તેણે પોતાની વિધવા થયેલી ઘરડી અપંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માની સેવામાં જ મન પરોવ્યું. મા તેને ઘણી વાર કહે કે, ઘરવાળા જુવાનિયાને ઘણાં બીજાં કામ કરવાનાં હોય. તું મને સાચવીને બેસી રહે તે ઠીક ન કહેવાય.

દીકરાએ કહ્યું: બાપાજી ઘણું કમાઈને મૂકતા ગયા છે. તારી આ અપંગ દશામાં તને સાચવવાનું કામ પહેલું.

માએ કહ્યું: તું પરણી લે, એટલે તારી વહુ મને સાચવશે; અને તું પછી છૂટો રહી શકીશ.

દીકરાએ કહ્યું: એ પારકાની દીકરી પોતાની જાતનું સુખ ભૂલી તારું જતન કરે એમ બને ખરું?

છતાં માએ તો પોતે જ બધી ગોઠવણ કરીને દીકરાને એક સારા ઘરની કન્યા સાથે પરણાવી દીધો. માને ખોટું ન લાગે તે માટે દીકરો ચૂપ રહ્યો.

વહુએ આવીને ધીમે ધીમે ઘરનો બધો ઘાટ જોયો. દીકરો માના પડખામાંથી છૂટો ન થાય, ત્યાં સુધી પોતાને કશું સુખ પડવાનું નથી, એમ માની, તેણે મા-દીકરા વચ્ચે ઊંચાં મન થાય તેવો ઘાટ ઘડવા માંડ્યો.

પહેલાં તો તેણે માને પજવવા માંડી. તે ઊનું માગે તો દાઝી મરે તેવું ઊનું આપે; અને ટાઢું માગે તો ઠરી જાય તેવું ટાઢું આપે! ડોસી પથારીમાં ચાંચડ થયાની ફરિયાદ કરે, તો તેનાં ગોદડાં બહાર કાઢી, તેના ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનાં ગોદડાં ખંખેરે. એટલે ડોસીને બમણા ચાંચડ થાય! તે ફરિયાદ કરે, તો વહુ પોતાના ધણીને સંભળાવતી બૂમો પાડે કે, 'બધાને પૂછી જુઓ; કાલે પણ સાસુજીનાં ગોદડાં ખંખેરવા કાઢ્યાં હતાં કે નહીં?'

પછી તો વહુએ ઘરમાં ચારે બાજુ લીંટ, ગળફા, વાળ વગેરે નાખીને ઘર ગંદું રાખવા માંડ્યું. ધણીએ પૂછ્યું ત્યારે તેણે સામી ફરિયાદ કરી કે, "ના કહું છું તોપણ ડોસી મને પજવવા અને ફજેત કરવા જાણી જોઈને ઘરમાં જ આમ ગંદકી કરે છે. હવે તો મારાથી તેમની સાથે નહીં રહેવાય. કાં તો તેમને સાથે રાખો કે મને!"

દીકરાએ માનો વાંક માની, છેવટે ત્રાસીને તેને ઘરમાંથી હાંકી કાઢી. ડોસી રહતી રહતી કોઈ ઓળખીતાને ત્યાં ગઈ, અને તેનું કામકાજ કરીને પેટ ભરવા લાગી.

થોડા દિવસ પછી વહુને દહાડા રહ્યા. એટલે તે કહેતી ફરવા લાગી કે, 'જુઓ પેલી ડાકણ ઘરમાં હતી ત્યાં સુધી કશું હતું?'

પછી તેને દીકરો જન્મ્યો, એટલે તેણે પોતાના પતિને કહ્યું: જુઓ! તમારી મા ઘરમાં હતી ત્યાં સુધી આ ઘરમાં કશાં સારાં વાનાં હતાં?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં પડોશીઓ પણ કબૂલ કરવા લાગ્યાં કે, ડોશી ભૂંડાં પગલાંની તો ખરી જ!

ડોસી આ બધું સાંભળી અકળાઈ ગઈ. તેને થયું કે, જરૂર આ ગામમાંથી ધરમ મરી પરવાર્યો છે. એટલે જ ધરડી માને ખોટી રીતે ઘરમાંથી કાઢી મૂકનાર છોકરા સુખી થાય છે; અને માને પગલે છોકરાને દુઃખ રહે છે. માટે લાવ, આજ સ્મશાનમાં જઈ ધરમના નામની પોક મૂકીને તેનો પિંડ વાળી આવું!

ડોસી તરત થોડા તલ અને ચોખા લઈ સ્મશાનમાં ગયાં, અને ત્યાં એક ઘડામાં તેમણે ચોખા અને તલ રાંધવા મૂક્યા.

એવામાં કાશીનો રાજા પોતાના વજીરને એકલાને સાથે લઈ, ત્યાં થઈને જતો હતો. ડોસીને આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મશાનમાં ચોખા રાંધતી જોઈને તેણે પૂછ્યું : ડોસી, અહીં આ શું કરો છો?

ડોસીએ કહ્યું : ભા! આ નગરમાંથી ધરમ મરી પરવાર્યો છે, એટલે તેનો પિંડ વાળવાની તૈયારી કરું છું!

રાજાને આ જવાબ સાંભળી નવાઈ લાગી. તેણે ડોસીને બધી વાત પૂછી. તે સાંભળી તેણે તરત વજીરને હુકમ કર્યો કે, અબઘડી નગરમાં જઈ ડોસીના છોકરાનું ઘર-બાર જપત કરો, તથા ડોસીના છોકરાને મોતની સજા કરો. તેની વહુ ભલે આ ડોસીની જેમ રખડતી થાય! ત્યાર પછી મને ખબર આપો એટલે હું ડોસીને લઈને નગરમાં આવું.

ડોસીએ રાજાને ઓળખ્યો. તેણે રાજાને આજીજી કરીને કહ્યું : ભલે મારા છોકરાએ મને ઘરમાંથી કાઢી મૂકી; પણ તેને કશી સજા ન કરશો; મારી વહુ પણ ભલે તેની સાથે અને પોતાના છોકરા સાથે સુખે રહે.

રાજાએ કહ્યું : એ છોકરો મૂએલો કે જીવતો તમારે શા કામનો છે? તેને તેના પાપનું ફળ ભલે મળે!

ડોસીએ કહ્યું : તેણે ભલે પાપ કર્યું; પણ હું તેને ક્ષમા આપું છું; મને દુઃખ પડે છે તે મારાં જ પૂર્વ-કર્મનું ફળ હશે. તમો રાજા જેવા રાજા પાસે મેં માગેલી આ ભીખ નકારશો નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ ડોસીનું માગેલું વરદાન આપ્યું, અને તેના છોકરાનો કશો ગુનો મનમાં ન રાખવાનું કબૂલ કર્યું. પછી રાજા અને વજીર ચાલ્યા ગયા.

થોડે દિવસે આ વાતની ખબર ગામમાં પડી. ડોસીનો છોકરો અને વહુ બધું સાંભળી પોતે કરેલા અપરાધ માટે પસ્તાવો કરવા લાગ્યાં, અને ડોસી પાસે જઈ તેમને વીનવીને પોતાને ત્યાં લઈ આવ્યાં. ત્યાર બાદ સૌ ભેગાં મળી ખુશી આનંદમાં રહેવા લાગ્યાં.

૬

સદાચારી જ શ્રેષ્ઠ કહેવાય

એક વખત બુદ્ધ શ્રાવસ્તી નગરીમાં ગામ બહાર ઊતર્યા હતા. તે વખતે જુદા જુદા દેશોમાંથી પાંચસો બ્રાહ્મણ કાંઈક કારણને લીધે શ્રાવસ્તીમાં ભેગા થયા હતા. 'ચારે વર્ણને મોક્ષ મળી શકે છે,' એવું બુદ્ધ ઉપદેશે છે એમ સાંભળી, તેઓ તેમની સાથે વાદવિવાદ કરવા આવ્યા.

તેમણે કહ્યું : હે ગૌતમ! બ્રાહ્મણ વર્ણ જ શુદ્ધ છે; તેથી બ્રાહ્મણોને જ મોક્ષ મળી શકે, બીજાઓને નહીં.

બુદ્ધે કહ્યું : ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર ચોરી કરે, જૂઠું બોલે, ચાડી કરે, પારકાના ધન ઉપર દૃષ્ટિ નાખે, કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવું બીજું પાપ કરે, તો તે જ નરકમાં જાય; પરંતુ બ્રાહ્મણ આ બધાં પાપકર્મ કરે, તોપણ નરકમાં ન જાય, એવું તમે માનો છો?'

બ્રાહ્મણો બોલ્યા : હે ગૌતમ! કોઈ પણ વર્ણનો મનુષ્ય પાપ કરે, તો નરકમાં જાય. બ્રાહ્મણ કે અબ્રાહ્મણ સૌને પોતાનાં કર્મનું ફળ તો ભોગવવું જ પડે.

બુદ્ધ બોલ્યા : કોઈ બ્રાહ્મણ હિંસા ન કરે, ચોરી ન કરે, જૂઠું ન બોલે, ગાળાગાળી ન કરે, પારકાના ધનનો લોભ ન કરે કે તેવાં બીજાં પાપકર્મ ન કરે, તો તે જ સ્વર્ગમાં જાય; પરંતુ બીજા વર્ણના લોક આ બધાં પાપ ન કરે, તોપણ સ્વર્ગમાં ન જાય, એવું તમે માનો છો?

બ્રાહ્મણો બોલ્યા : કોઈ પણ વર્ણનો મનુષ્ય પાપ-કર્મ ન કરે, તો સ્વર્ગમાં જાય. બ્રાહ્મણ કે અબ્રાહ્મણ સૌને પોતાનાં સારાં કર્મનું ફળ અવશ્ય મળે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધ બોલ્યા : આ દેશમાં બ્રાહ્મણો જ માત્ર સ્વધર્મ આચરી શકે; ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર સ્વધર્મ આચરી શકે નહીં, એવું તમે માનો છો?

બ્રાહ્મણો બોલ્યા : ચારે વર્ણો સ્વધર્મ આચરી શકે છે.

બુદ્ધ બોલ્યા : તો પછી બ્રાહ્મણો જ શુદ્ધ છે, અને બીજા વર્ણો મોક્ષને લાયક નથી, એમ તમે શા ઉપરથી કહો છો?

બ્રાહ્મણો બોલ્યા : તમે ગમે તે કહો, પણ બ્રાહ્મણો શ્રેષ્ઠ છે, અને બીજાઓ હીન છે.

બુદ્ધ બોલ્યા : ધારો કે કોઈ રાજા બ્રાહ્મણોને ચંદનનું લાકડું ઘસીને અગ્નિ ઉત્પન્ન કરવાનું કહે; અને ચંડાળ વગેરે હીન કુલમાં જન્મેલા લોકોને એરંડાનું લાકડું ઘસીને અગ્નિ ઉત્પન્ન કરવાનું કહે. તો બ્રાહ્મણોએ ઘસેલો અગ્નિ વધુ બાળનારો કે વધુ તેજસ્વી થશે, અને ચંડાળનો ઘસેલો અગ્નિ ઓછું બાળનારો તથા ઓછો તેજસ્વી થશે, એમ તમે માનો છો?

બ્રાહ્મણો બોલ્યા : ના, ગૌતમ! કોઈ પણ જાતિના માણસે સારા-નરસા લાકડાને ઘસીને ઉત્પન્ન કરેલો અગ્નિ સરખો જ તેજસ્વી તથા સરખો જ બાળનારો થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધ બોલ્યા : વારુ! હવે બે બ્રાહ્મણ ભાઈઓ હોય; તેમાંથી એક વેદ વગેરે શાસ્ત્રો ભણેલો હોય, અને બીજો અભણ હોય; તો તે બેમાં કયો ભાઈ શ્રેષ્ઠ કહેવાશે?

બ્રાહ્મણો બોલ્યા : હે ગૌતમ! જે ભાઈ ભણેલો છે, તે વયમાં નાનો હોય તોપણ શ્રેષ્ઠ છે.

બુદ્ધ બોલ્યા : વારુ! પરંતુ તે બે ભાઈઓમાં જે ભણેલો છે તે દુરાચારી છે, અને જે અભણ છે તે સદાચારી છે, તો તે બેમાં કોણ શ્રેષ્ઠ કહેવાશે?

બ્રાહ્મણો બોલ્યા : હે ગૌતમ! જે શીલવાન છે, તે જ શ્રેષ્ઠ કહેવાશે.

બુદ્ધ બોલ્યા : પ્રથમ તમે જાતિ કરતાં પણ શાસ્ત્રાભ્યાસને શ્રેષ્ઠ ગણ્યો; પછી શાસ્ત્રાભ્યાસ કરતાં પણ ચારિત્ર્યને શ્રેષ્ઠ ગણ્યું. અર્થાત્ હું જે કહું છું કે, ચારે વર્ણમાંથી જે કોઈ વર્ણ સદાચાર પાળે તે શુદ્ધ થઈ શકે, તે વસ્તુ તમે પણ માનો છો જ!

આ સાંભળી બ્રાહ્મણો ચૂપ થઈ ગયા અને બોલ્યા વિના ઊઠીને ચાલતા થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

જાત શ્રેષ્ઠ કે વિદ્યા ?

કાશીના રાજના પુરોહિતનું આખું કુટુંબ ટાઢિયા તાવના સપાટામાં ઝડપાઈ ગયું. માત્ર એક નાનો છોકરો એ રોગનો ઘેરો તોડી નાસી છૂટ્યો. રખડતો રખડતો તે તક્ષશિલામાં આવ્યો, અને ત્યાં ગુરુ પાસે ઘણી કળાઓ અને ઘણા હુન્નર શીખ્યો. પછી જુદા જુદા દેશો જોવાની ઇચ્છાથી ફરતો ફરતો તે સરહદના એક ગામડાની ભાગોળે આવી પહોંચ્યો.

તે આખું ગામ ચંડાળોનું હતું. પેલો બ્રાહ્મણ તે ગામ ચંડાળોનું જાણી, ત્યાંથી ચાલ્યો જવા ઇચ્છતો હતો. પણ રાત પડવાને બહુ વખત ન હતો, અને બીજું ગામ દૂર પણ હોય એમ માની, તે ગામ બહાર એક મોટા વડ નીચે રાતવાસો રહ્યો.

સવારે હજુ ભળભાંખળું હતું, તેવામાં તેણે સૂતાં સૂતાં નજર કરી, તો થોડે દૂર એક ડોસો આંબાના ઝાડથી સાત ડગલાં ઊભો રહી કશું બબડતો હતો. થોડી વારમાં તો તે ઝાડનાં પાકાં પાન ગરી પડવા લાગ્યાં, નવી કૂંપળો ફૂટવા લાગી, મોર બેઠા, અને મરવા દેખાવા લાગ્યા ! થોડું વધુ જુએ છે તેટલામાં તો તે મરવા મોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ સાંબેલા થઈ, અને લાલ–પીળા રંગની સુંદર પાકી કેરીઓ પેલા ડોસાની ઓળીમાં ટપોટપ ગરવા લાગી!

ઓળી ભરાઈ રહી, એટલે ડોસો પાછું કાંઈક બોલ્યો; એટલે આંબાનું ઝાડ પહેલાં હતું તેવું થઈ ગયું!

બ્રાહ્મણના છોકરાએ નક્કી કર્યું કે, ગમે તે થાય પણ આપણે આ મંત્ર ડોસા પાસેથી શીખી લેવો! એટલે તે તરત ડોસા પાસે ગયો, તેને પગે લાગ્યો, તથા તેના હાથમાંથી કેરીઓ ભરેલો ઓળો તેણે ઊંચકી લીધો. તેણે ડોસાને કહ્યું: હું પરદેશી છું, અને મા-બાપ વિનાનો છું. હું તમારે ત્યાં રહીશ અને તમારું કામકાજ કરીશ.

ડોસાએ કહ્યું: ભલે!

ડોસાને પણ તેની પરણેતર ડોશી સિવાય બીજું કોઈ કુટુંબી ન હતું. ડોશી પણ આવા કામગરા અને કહ્યાગરા છોકરાની મદદ મળતાં રાજી રાજી થઈ ગઈ.

એક દિવસ ડોસો સખ્ત માંદો પડ્યો. તેની એ આખરી માંદગી જ હતી. તેના પગ બહુ ફાટતા હતા. તેણે પેલા છોકરાને લાકડાનું ડીમચું શોધી લાવી પોતાના પગ તળે મૂકવા કહ્યું. પેલા બ્રાહ્મણે તો ઝટ પોતાની મોટી સાથળો તેના પગ નીચે ગોઠવી દીધી, અને આખી રાત તે એમ જ જાગતો બેસી રહ્યો. સવારમાં કાંઈક કળ વળતાં ડોસાએ આંખો ઉઘાડી અને જોયું તો પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગ છોકરાની સાથળો ઉપર! આખી રાત તે છોકરાને હાલ્યાચાલ્યા વિના સુંવાળો ટેકો આપવા બેસી રહેલો જોઈ, ડોસો ગળગળો થઈ ગયો.

પણ હજુ ડોસો તો મરવા પડેલો જ હતો, તેવામાં વળી ડોસી મરવા પડી. તેના ઝાડા, પેશાબ, ઊલટી વગેરે બધું આ છોકરો મોં જરા પણ બગાડ્યા વિના સાફ કરતો. ડોશી પણ તેની સેવાચાકરી જોઈ ગળગળી થઈ ગઈ.

બીજ દિવસે છોકરો સાંભળતો ન હતો તે વખતે ડોશીએ ડોસાને કહ્યું કે, તમારી વિદ્યા આ છોકરાને મરતાં પહેલાં આપતા જજો. ડોસાએ રાજીખુશીથી તે કબૂલ કર્યું.

છેવટે ડોસાએ આખરકાળ આવેલો જાણી, પોતાની અકાળે આંબા પકવવાની વિદ્યા છોકરાને શીખવાડી. પણ તેણે તેને ચેતવણી આપી કે, આ વિદ્યા ધારણ કરનારે સાચું બોલવાનો આકરો નિયમ પાળવો પડે છે. જ દિવસે તું જૂઠું બોલીશ, તે દિવસે આ વિદ્યા ભુલાઈ જશે.

પછી ડોસો ડોશી મરી પરવારતાં, બ્રાહ્મણનો છોકરો, તેમનું ક્રિયાકરમ પતવી, કાશી તરફ પાછો વળ્યો.

કાશીના રાજાએ તેના હલમની વાત સાંભળી તેને પોતાની નોકરીમાં રાખી લીધો; અને ધીમે ધીમે તે છોકરો રાજાનો વિશ્વાસુ અને માનીતો હજૂરિયો બન્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત રાજા નગર બહારની વાડીમાં ઉજાણીએ ગયો. ત્યાં ફર્યા હર્યા પછી ભોજન કરી, થાકીને તે એક સુંદર તળાવડી ઉપર આવેલા આંબાના ઝાડ નીચે ચોતરા ઉપર પથારી પથરાવીને આડો થયો. પેલો બ્રાહ્મણનો છોકરો એકલો પહેરો ભરતો ત્યાં બેઠો.

રાજાની નજર આંબાનાં ડાળખાં ઉપર પડતાં, તેને આ બ્રાહ્મણના છોકરાના હલમની વાત યાદ આવી. તેણે તેને પોતાના દેખતાં એ આંબા ઉપર અકાળે કેરીઓ પકવીને બતાવવા કહ્યું. પેલો છોકરો ઉત્સાહમાં આવી જઈ, સાત ડગલાં પાછો ખસી, મંત્ર બોલવા લાગ્યો. થોડી વારમાં તો પાકાં પાન ખરવા લાગ્યાં, ફૂંપળો ફૂટવા લાગી, મોર બેસવા લાગ્યો, અને પછી તો મરવા અને મરવામાંથી પાકી રંગીન સાખો તૈયાર થઈ નીચે ગરવા લાગી!

રાજાએ ખૂબ રાજી થઈ તે સાખો ખાધી, અને તેના સ્વાદનાં ભારે વખાણ કર્યાં.

પછી રાજાએ તેને પૂછ્યું કે, આવી નવાઈની વિદ્યા તું ક્યાંથી શીખ્યો!

તે સમયે તક્ષશિલા નગર વિદ્યાનું જાણીતું ધામ હતું; અને જુદાં જુદાં શાસ્ત્રો જાણનારા કેટલાય નામીચા આચાર્યો ત્યાં રહેતા હતા. પેલા બ્રાહ્મણના છોકરાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર્યું કે, 'જો હું સાચી વાત કહીશ કે, આ વિદ્યા તો હું દૂર સરહદના કોઈ ચંડાળોના ગામમાં ત્યાંના ચંડાળને ત્યાં રહીને શીખ્યો છું, તો રાજા કદાચ મને તુચ્છકારી કાઢશે; ઉપરાંત હવે આ મંત્ર મને બરાબર મોઢે થઈ ગયો છે, એટલે શી રીતે ભૂલી જવાશે?' એમ વિચારી તેણે જવાબ આપ્યો : મહારાજ! હું આ ઇલમ તક્ષશિલાના પ્રખ્યાત બ્રાહ્મણ આચાર્ય પાસેથી શીખ્યો છું.

તે છોકરો આટલું જૂઠું બોલ્યો કે તરત તે મંત્ર તેના મનમાંથી અલોપ થઈ ગયો.

થોડા દિવસ બાદ રાજા ફરીથી એમ ઉજાણીએ નીકળ્યો. તે વખતે તેણે પોતાના જાણીતા ઉમરાવોની સમક્ષ પેલા ઝાડ નીચે બેસી, તે છોકરાના ઇલમનાં ખૂબ વખાણ કર્યાં; તથા અત્યારે જ સૌને પાકી કેરી ખાવા મળશે એમ જણાવીને પેલા છોકરાને તેનો મંત્ર અજમાવવા હુકમ કર્યો.

પેલો છોકરો ઊભો થઈ, સાત ડગલાં પાછો ખસી, મંત્ર બોલવા તૈયાર થયો, પણ કેમે કર્યો તે મંત્ર તેને યાદ જ આવ્યો નહીં! રાજા રાહ જોઈ અકળાવા લાગ્યો, પણ કશું પહેલાંની પેઠે થવા લાગ્યું નહીં. રાજા બહુ ગુસ્સે થયો. મંત્ર વડે કેરીઓ ન લાવીને બધા ઉમરાવો સમક્ષ પોતાને જૂઠો પાડવા જ તે આમ કરે છે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માની, તેણે તેને ખૂબ ધમકાવ્યો અને કપરી સજા કરવાની ધમકી આપી.

ત્યારે ડરતાં ડરતાં તે છોકરાએ રાજાને સાચી વાત કહી દીધી કે, એ મંત્ર પોતે એક ચંડાળ પાસેથી શીખ્યો હતો, તથા પોતે સાચું બોલે ત્યાં સુધી જ તે મંત્ર પોતાને યાદ રહે તેમ હતું; પરંતુ તે દિવસે જૂઠું બોલીને ચંડાળની વાત છુપાવવા જતાં પોતે એ મંત્ર ખોઈ બેઠા છે!

રાજા આ વાત સાંભળી બહુ અકળાયો. તેણે તેને ઠપકો આપતાં કહ્યું: આવી મોટી વિદ્યા જની પાસે હોય, તેની વળી જાત જોવાતી હશે? ભલેને લીમડાનું ઝાડ હોય કે એરંડાનું, પણ જે ઝાડ ઉપરથી મધ મળે, તે ઝાડ જ ઉત્તમ કહેવાય. તેમ, બ્રાહ્મણ હોય કે ચંડાળ, જની પાસે વિદ્યા છે, ઇલમ છે, તેને જ હું મોટો માનું. તારી બ્રાહ્મણની ઊંચી જાતના અભિમાનમાં તણાઈ, તેં જ આ ભૂલ કરી છે, તેની શિક્ષા તને તો બરાબર થઈ જ ગઈ છે; છતાં મારા રાજ્યમાં આવેલી આ વિદ્યા આવી રીતે ખોઈને તેં મને પણ નુકસાન કર્યું છે; માટે હું તને દેશનિકાલની સજા કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

મારા સામું નહીં, પણ ધર્મ સામે જો !

શ્રાવસ્તી નગરીમાં વક્કલિ નામનો બ્રાહ્મણ ગૃહસ્થ રહેતો હતો. એક દિવસ તે પોતાના ઘર આગળ ઊભો હતો, તેવામાં તેણે ભિક્ષા માટે નગરીમાં ફરતા બુદ્ધ ભગવાનને જોયા. તેમની તેજસ્વી અને સૌમ્ય મૂર્તિ જોતાં જ તે બ્રાહ્મણને રોમાંચ થઈ આવ્યાં. તે એકીટસે બુદ્ધની મનોહર મુખમુદ્રા સામું જોઈ રહ્યો.

બુદ્ધ ભિક્ષા માગતા માગતા દૂર ચાલ્યા ગયા.
બ્રાહ્મણની આંખો આગળ બુદ્ધની મૂર્તિ જ રમી રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી બીજા વિષયો અને બીજાં મનુષ્યો તેની નજરે પડવા લાગ્યાં, ત્યારે તેને મનમાં થયું: "અહીં રહીને આવા બધા પદાર્થો અને આવાં બધાં મોં જોવામાં જ જિંદગી પૂરી કરવાને બદલે, હું તો ભિક્ષુ થવું પડે તો ભિક્ષુ થઈને પણ બુદ્ધનું મુખ હંમેશ જોવા મળે તેમ કરીશ!"

તરત જ તે ઘરબાર તજી બુદ્ધ પાસે ગયો અને તેમની પાસે તેણે દીક્ષા લીધી. એમ ભિક્ષુ બન્યા બાદ તે ભગવાનની પાસે જ રહેતો, અને તેમના મુખ સામું જોયા કરતો. ભિક્ષુ તરીકે તેણે જે શાસ્ત્રવાચન અને ધ્યાન વગેરે કરવાં જોઈએ, તે કશામાં તે જીવ ઘાલતો નહીં.

બુદ્ધ ભગવાને તેની શ્રદ્ધા દૃઢ થાય તેની રાહ જોઈ. પછી તેની શ્રદ્ધા દૃઢ થઈ છે એમ જાણી, તેમણે એક દિવસ તેને કહ્યું:

"વક્કલિ! આ ગંધાતા શરીર સામું જોઈ રહેવાથી શું વળવાનું છે? હે વક્કલિ, જે માણસ ધર્મ સામું જુએ છે, તે જ ખરી રીતે મારી સામું જુએ છે. જે ભિક્ષુને બુદ્ધે કહેલા ઉપદેશમાં આનંદ છે, તે નિર્વાણરૂપી શાંત પદ પામી શકશે; માત્ર બુદ્ધના મુખ સામું જોઈ રહેનાર નહીં!"

વક્કલિને ભગવાનનું આ કથન ઝટ ગળે ઊતરી ગયું. તે તેટલી જ શ્રદ્ધાથી બુદ્ધે ઉપદેશેલી સાધનામાં પ્રયત્નશીલ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

બહુ ન ખાવું !



કોસલરાજ પ્રસેનજિત બુદ્ધ ભગવાનનો ભક્ત હતો. જ્યારે બુદ્ધ ભગવાન તેની રાજધાનીમાં આવતા, ત્યારે તે નગર બહાર જેતવનમાં ઊતરતા. પ્રસેનજિત રાજા રોજ ત્યાં તેમના દર્શને જતો અને ઉપદેશ સાંભળતો.

પ્રસેનજિત રાજાને ભાત બહુ ભાવતો. જ્યારે જ્યારે ભાતનું જમણ હોય, ત્યારે તે હામ ભરીને ભાત ખાતો. તે જ પ્રમાણમાં તેની સાથે બીજી ચીજો પણ હોય.

એક દિવસ ભાત વગેરે ખૂબ ખાઈ, તફડાતો તફડાતો તે ભગવાનને ઉતારે આવ્યો. પરંતુ તેને બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંધાનું ઘેન ચડ્યું હતું. ભગવાન જરા આડું જુએ એટલે તે હાથ ટેકવીને કે પગ લાંબા કરીને જરા આડો થવા જેવું કરી લેતો.

તેની આ દશા જોઈ, ભગવાને તેને પૂછ્યું : "મહારાજ, આજે આરામ કર્યા વિના જ આવ્યા છો કે શું?"

રાજાએ જરા શરમાઈને જવાબ આપ્યો : "ના ભગવન્, પરંતુ જમ્યા બાદ મને ઘણુંખરું આમ થાય છે."

ભગવાને કહ્યું : "વધારેપડતું ખાવાથી એમ થાય છે. જે માણસ હંમેશાં ઠાંસીને જમે છે, તેને આળસ વધે છે અને તેની કીર્તિ ઘટે છે. તેથી હે રાજા, નિયમ એવો છે કે, હંમેશાં ભૂખ કરતાં કોળિયા જેટલું ઓછું જમવું સારું. એક શ્લોકમાં કહ્યું છે કે, 'મિતાહારથી શરીર હલકું રહે છે, મન તેજસ્વી બને છે અને આવરદા ટૂંકી થતી નથી.'"

રાજાને તો આ શ્લોક પણ યાદ રહે તેમ ન હતું. તેથી ભગવાને રાજા સાથે આવેલા સુદર્શનકુમારને જણાવ્યું કે, 'રાજા જ્યારે જમવા બેસે, ત્યારે તારે હાજર રહેવું અને ભોજન પૂરું થવા આવે તે વખતે આ શ્લોક તારે તેમને સંભળાવવો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુદર્શનકુમારે તેમ કરવા માંડ્યું. રાજા તે શ્લોક સાંભળતાં જ હાથમાં લીધેલો કોળિયો પડતો મૂકી હાથ ધોઈ નાખતો અને ભાણા ઉપરથી ઊઠી જતો. ધીરે ધીરે રાજાનું શરીર મેદ વગરનું તથા સ્ફૂર્તિવાળું થવા લાગ્યું.

એક વખત ભગવાન ફરી જેતવનમાં પધાર્યા, ત્યારે રાજા તેમનાં દર્શને ગયો. તેણે ભગવાનને નમસ્કાર કરી કહ્યું: "ભગવન્, હવે હું બહુ સુખે જીવું છું. પહેલાં તો મારાથી ઘોડે બેસીને શિકાર પાછળ દોડાતું પણ ન હતું. હવે તો ગમે તેવા ઉતાવળા મૃગલાને પણ પકડી પાડું છું. પહેલાં મારા ભાણેજ સાથે મારે અણબનાવ રહેતો હતો. એ પણ હવે મટી ગયો છે અને મારો ભાણેજ મારી સાથે બહુ વહાલથી વર્તે છે. મને આ વાતનું મોટું દુઃખ હતું, તે હવે પતી ગયું છે. થોડા દિવસ ઉપર રાજમહેલમાંથી રત્નોની ચોરી થઈ હતી. પહેલાંના દિવસોમાં તો હું ચિંતાથી અને ગુસ્સાથી ગાંડો જ થઈ જાત. પણ આ વખતે હું બહુ શાંત રહ્યો. હવે તે બધાં રત્નો પાછાં મળ્યાં છે. આમ ચારે તરફથી મને બહુ નિરાંત લાગે છે, અને આ બધું એક એક કોળિયો ભાત ઓછો ખાવાના આપના ઉપદેશથી જ નીપજ્યું છે, એમ હું માનું છું."

ભગવાને હસીને જવાબ આપ્યો: "હે મહારાજ, તમારું કહેવું ખરું છે. ઓછું ખાવાથી શરીર નીરોગી બને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તથા મન પણ પ્રસન્ન તથા ગુણવાન બને છે. અને જેનું શરીર સારું હોય તથા મન ગુણવાન હોય, તેને પછી કશું દુઃખ શાનું?"

૧૦

સાચું હથિયાર

ગૌતમ બુદ્ધ એક વખત શ્રાવસ્તી નગરી પાસે રહેતા હતા, તે વખતે કેટલાક ભિક્ષુઓ તેમની પાસેથી ધ્યાનની રીત શીખ્યા. ત્યાર બાદ ધ્યાન સ્થિર કરવા માટે તેઓ યોગ્ય એકાંત સ્થળની શોધમાં નીકળ્યા. રસ્તામાં એક ગામ આવ્યું. ત્યાંના લોકોએ તેમને ગામ પાસેની ઝાડીમાં જ ધ્યાન માટે રહેવાની વિનંતી કરી; જેથી લોકોને તેમના સત્સંગનો તથા સેવાચાકરીનો લાભ મળે.

ભિક્ષુઓને ગામલોકોની આ વાત પસંદ પડી. તેઓ તે ઝાડીમાં ગયા અને સગવડવાળી જગા જોઈને ત્યાં ગોઠવાયા. હવે બન્યું એમ કે, ત્યાં વૃક્ષવાસી જંગલી લોકોનો વાસ હતો. તેઓ ભિક્ષુઓને આવેલા જોઈ, ઝટપટ ઝાડ ઉપરથી જમીન ઉપર ઊતરીને દૂર ટોળે વળીને બેઠા અને વિચારવા લાગ્યા: "આ ભિક્ષુઓ રહેતા હોય ત્યાં સુધી આપણે બૈરીછોકરાં સાથે ઝાડ ઉપર સંસાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસ કરવો ઠીક ન ગણાય. તેઓ આજની રાત અહીં રહીને, કાલે તો જરૂર ચાલ્યા જશે.''

પરંતુ બીજે દિવસે પણ ભિક્ષુઓ ગામમાં ભિક્ષાદિ પરવારીને પાછા તે ઠેકાણે જ આવ્યા. એટલે પેલા જંગલીઓ ફરી પાછા ઝાડ ઉપરથી નીચે ઊતરી દૂર ટોળે વળીને બેઠા. તેમણે વિચાર્યું કે, ''ભિક્ષુઓને બહુ દિવસે આવેલા જોઈ, ગામવાળાઓએ તેમને એકાદ દિવસ વધુ રોકાવા માટે આગ્રહ કર્યો હશે; પણ કાલે તો તેઓ જરૂર વિદાય થઈ જશે.''

પરંતુ આમ ને આમ પંદરેક દિવસ વીતી ગયા, ત્યારે પેલા જંગલીઓએ વિચાર્યું કે, ''આ સાધુઓ તો કદાચ આખું ચોમાસું જ અહીં રહેવાના હશે. પરંતુ તેઓ આમ લાંબો વખત અહીં રહે, તો આપણાથી ઝાડ ઉપર આપણાં બૈરી-છોકરાં સાથે સંસાર-વાસ કરીને રહેવાય નહીં; અને જમીન ઉપર આમ દિવસો સુધી બેસી રહેવું પણ ફાવે નહીં. એટલે આ લોકોને અહીંથી કોઈ પણ રીતે ભગાડી મૂકવા જોઈએ.''

પછી તો તેઓએ રાતે ને દિવસે વહેલા મોડા ચારે તરફ ઉત્પાત કરવા માંડ્યો. તેઓ માથા વગરનાં ધડ લાવીને સાધુઓની વચ્ચે નાખે; ભૂતાવળ ધસી આવતી હોય એવા ચિત્કારો કરે; અને સાધુઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીંકો આવે, ખાંસી થાય, તથા ખંજવાળ આવે તેવો ફૂટો ઉરાડે અને વેરે.

સાધુઓ આ ઉપદ્રવથી ત્રાસી ગયા અને પાછા બુદ્ધ ભગવાન પાસે આવ્યા. બુદ્ધ ભગવાને તેમને આમ અધવચ્ચ પાછા આવેલા જોઈ, કારણ પૂછ્યું. તેઓએ જણાવ્યું કે, "અમે જ્યાં ચાર માસ રહેવાનો વિચાર કરી રહેતા હતા, ત્યાં આજુબાજુ આવા આવા ઉપદ્રવો થવા લાગ્યા; તેથી અમે ત્યાંથી નાસી છૂટીને આપની પાસે આવ્યા છીએ."

બુદ્ધ ભગવાને કહ્યું: "તમારાથી એમ ભાગી ન અવાય. તમારે ત્યાં જ પાછા જવું જોઈએ. પરંતુ પહેલી વખતે તમે ત્યાં રહેવા ગયા ત્યારે તમારી પાસે કશું હથિયાર ન હતું. આ વખતે તમે ત્યાં જાઓ ત્યારે સાથે એક હથિયાર લેતા જજો!"

"તે કયું હથિયાર, ભગવન્?"

ભગવાને કહ્યું: "એ હથિયાર તે સર્વ પ્રાણીઓ પ્રત્યે મિત્રતાનો ભાવ તથા અભિમાનરહિતપણું. તમે સર્વ પ્રાણીઓ પ્રત્યે આ ભાવ ધારણ કરીને જશો, તો તમને કોઈ પ્રાણી કશો ઉપદ્રવ કરશે નહિ."

ભગવાનનો ઉપદેશ સમજી લઈ, તે ભિક્ષુઓ પાછા તે સ્થળે જંગલમાં ગયા. આ વખતે તેમની બોલવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલવાની રીત, તથા બીજાં પ્રાણીઓ પ્રત્યે તેમનો અભિમાનરહિત સદ્‌ભાવ જોઈ ને, પેલા જંગલીઓનાં મન

પણ ભય-દ્વેષ રહિત બન્યાં. તેઓ હવે જાતે જ સામે આવી, ભિક્ષુઓનાં વસ્ત્ર-પાત્ર ઊંચકવા દેવાની, તેમની પગચંપી કરવાની વગેરે રજા માગવા લાગ્યા તથા ખુશી થઈ થઈ ને તેમની સેવા કરવા લાગ્યા. ભિક્ષુઓ પણ ચાતુર્માસના બધા દિવસો કશા ઉપદ્રવ વિના નિરાંતે ત્યાં રહ્યા. છેવટે જ્યારે તે ભિક્ષુઓ પોતાનું ધ્યાન સ્થિર કરી, ભગવાન પાસે પાછા ફર્યા, ત્યારે દૂર સુધી તેમની પાછળ જોઈ રહેલાં ગામજનો કરતાં આ જંગલીઓની આંખ-માંથી પણ ઓછાં આંસુ વહેતાં ન હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજશિક્ષણને લગતાં કેટલાંક પુસ્તકો

સ્વરાજ એટલે શું	મગનભાઈ દેસાઈ	૦–૭–૦
આપણા દેશમાં આપણું રાજ્ય	,,	૦–૭–૦
આપણું પરમ યંત્ર	,,	૦–૬–૦
પ્રાચીન શીલકથાઓ	ગોપાળદાસ પટેલ	૦–૭–૦
વેર અને બદલો	,,	૦–૭–૦
વેર અને અવિચાર	,,	૦–૬–૦
બોધક ટીકડીઓ	મુકુલભાઈ કલાર્થી	૦–૧૨–૦
શીલ અને સદાચાર	,,	૦–૬–૦
મોટાં માણસોનાં મન	,,	૦–૯–૦
પચાસ પ્રેરક પ્રસંગો	,,	૦–૧૦–૦
ચીન દેશનાં કથાનકો	,,	૦–૧૦–૦
ભક્તરાજ	,,	૧–૦–૦
જાણવા જેવી વાતો	,,	૦–૬–૦
સંત-સમાગમ	,,	૦–૬–૦
જીવન અને મરણ	,,	૦–૬–૦
માનવજીવનનું ઝવેરાત	,,	૦–૬–૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar